NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦

વંચાણેઃ– (૧) ગુજરાત સરકાર ના.વિ.સચિવાલય, ગાંધીનગરના તા. ૧૩.૧૧.૨૦૨૦ ના ઠરાવ ક્ર. તજર/૧૦૨૦૨૦/૪૨૬૧૮૩/ઝ

(૨) ગુજરાત સરકાર ના.વિ.સચિવાલય, ગાંધીનગરના તા. ૧૩.૧૧.૨૦૨૦ ના પરિપત્ર ક્ર. તજર/૧૦૨૦૨૦/૪૨૬૧૮૩/ઝ

(૩) કુલસચિવશ્રી,ન.કૃ.યુ.,નવસારીના પરિપત્ર ક્ર.નં.જા.નં./રજી/અ.૩.૩/તહેવાર પેકેજ/૯૪૦૮–૪૫૭/૨૦૨૦ તા. ૨૧.૧૧.૨૦૨૦

## :: પરિપત્ર ::

**વિષયઃ– રાજય સરકારના કર્મચારીઓ માટે ખાસ તહેવાર પેકેજના ચુકવણા કરવા બાબત..**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/ સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ઉકત વંચાણે લીધા ક્રમ–૧અને ૨ થી તા. ૩૧/૦૩/૨૦૨૧ સુધીમાં આવતા મહત્વના તહેવારો માટે ખાસ તહેવાર પેકેજ અંતર્ગત રૂા. ૧૦,૦૦૦/– વ્યાજ મુકત પેશગી આપવાનું ઠરાવેલ છે જેનો અમલ કરવા વંચાણે લીધા ક્રમ–૩ ના પરિપત્રથી સૂચના થયેલ છે. સદરહું પેશગી પ્રિ–લોડેડ Rupay કાર્ડના સ્વરૂપમાં આપવાની થતી હોય જે તે કચેરીના વડાશ્રીઓએ પોતાની કચેરીના કર્મચારી/અધિકારીશ્રીઓની પેશગી મેળવવા માટેની અરજી મેળવી, જરૂરી મંજુરી આપીને આ પેશગી ઉપાડના નાણાં યુનિવર્સિટીની તિજોરી કચેરીએથી ઉપાડીને આ સાથે સામેલ SBI દવારા નિયત થયેલ Excel Sheet નાં ફોર્મેટ મુજબ માહિતી તૈયાર કરી પ્રિ–લોડેડ Rupay કાર્ડ માટે જે તે કચેરીના કાર્યક્ષેત્રમાં આવતી SBI બેંકનો સંપર્ક કરી કાર્ડ મેળવી જે તે કર્મચારી/અધિકારીશ્રીઓને પૂરા પાડવાના રહેશે. જેની કપાત કાર્ડ આપ્યાના ત્યાર પછીના માસથી એક સરખા ૧૦ હપ્તામાં વસુલાત કરી લેવાની રહેશે. **વસુલાત કરવાની તથા હિસાબો નિભાવવાની જવાબદારી જે તે કચેરીના નાણાં ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીની રહેશે.**

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/વહટ/૫૭૫૯-૬૨/૨૦૨૦
નવસારી, તા. ૨૪/૧૧/૨૦૨૦

**હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**બિડાણઃ**– ઉપર મુજબ

**નકલ જય ભારત સાથ રવાનાઃ–**

(૧) કુલસચિવશ્રી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારૂ.
(૨) આ યુનિવર્સિટીની તમામ કચેરીઓના વડાશ્રીઓ/નાણાં ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રી તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૩) વહિવટી–વ–હિસાબી અધિકારી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારૂ.
(૪) મેનેજરશ્રી, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા તરફ જાણ થવા તથા ઉકત સરકારશ્રીની સુચના મુજબ પ્રિ–લોડેડ Rupay Card ઈશ્યુ કરવા વિનંતી.